# સીધું વિદેશી રોકાણ (એફ. ડી. આઈ.) : ભારતીય ખેડૂતોના પરિપેક્ષ્યમાં

ભાનુભાઈ ડી. પરમાર
આસીસ્ટન્ટ પ્રોફેસર,
અર્થશાસ્ત્ર વિભાગ
શ્રી જે. એમ. પટેલ આર્ટસ કોલેજ, આણંદ

## ૧. પ્રસ્તાવના

ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર 'રઘુરામ રાજ' ના જણાવ્યા પ્રમાણે સીધા વિદેશી મૂડીરોકાણ (FDI) થી ભારતની આર્થિક વૃધ્ધિમાં જે નરમાઈનું વલણ છે તેમાં પરિવર્તન આવી શકે છે..આ ઉપરાંત FDI દ્વારા ક્રેડિટ રેટિંગમાં ઘટાડાને ટાડવામાં મદદ મળી શકે તેમ છે.જે ભારતના આર્થિક સુધારાના પરિપ્રેક્ષમાં મહત્વની બાબત ગણાય છે. વિકાસને પંથે આગળ વધી રહેલા ભારત જેવા દેશમાં મૂડીરોકાણની સપાટી વધારવા,લેણદેણની તુલામાં ઉભી થયેલ ખાધ ઘટાડવામાં,આંતર માળખાકીય સગવડો વધારવા,અધ્યતન ટેકનોલોજીનો લાભ મેળવવા,કુદરતી સાધનોનો સુઆયોજિત ઉપયોગ કરવા,ખેડૂતોના જીવન ધોરણમાં સુધારો લાવવા, વેપાર વાણિજયમાં જે જોખમ રહેલું છે તેનો સામનો કરવાની ક્ષમતા, ફૂગાવાના નિયંત્રણ માટે તેમજ દેશના સર્વાંગી આર્થિક વિકાસ માટે વગેરે જેવા કારણોસર FDIની ભારતીય અર્થતંત્રમાં આવશ્યકતા રહેલી છે.

ભારતીય માળખાગત સવલતોમાં સીધું વિદેશી મૂડીરોકાણ ૨૦૦૭–૦૮ થી ૨૦૦૯–૧૦ ના સમયગાળા દરમિયાન કેવું રહેલું છે જે નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**માળખાગત સવલતોમાં સીધું વિદેશી મૂડીરોકાણ (કરોડ ડૉલરમાં)**

| ક્રમ | ક્ષેત્ર | ૨૦૦૭–૦૮ | ૨૦૦૮–૦૯ | ૨૦૦૯–૧૦ | ત્રણ વર્ષની સરેરાશ | વર્ષ ૨૦૦૭–૦૮ ની તુલનામાં વર્ષ ૨૦૦૯–૧૦માં થયેલ ટકાવારી ફેરફાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | વિજળી | ૯૭ | ૯૮ | ૧૪૪ | ૧૧૩ | ૪૮.૪૫ |
| ૨ | પેટ્રોલિયમ અને કુદરતી વાયુ | ૧૪૩ | ૪૧ | ૨૭ | ૭૦ | –૮૧.૧૨ |
| ૩ | ટેલિકોમ | ૧૨૬ | ૨૫૬ | ૨૫૫ | ૨૧૨ | ૧૦૨.૩૮ |
| ૪ | માહિતી અને પ્રસારણ | ૩૦ | ૭૫ | ૪૯ | ૫૧ | ૬૩.૩૩ |
| ૫ | હવાઈ અને પરિવહન | ૧૦ | ૦૪ | ૦૨ | ૫ | –૮૦ |
| ૬ | બંદરો | ૯૨ | ૪૯ | ૦૭ | ૪૯ | –૯૨.૩૯ |
| ૭ | રેલ્વેના છૂટક ભાગો | ૦૧ | ૦૨ | ૦૩ | ૨ | ૨૦૦ |

સ્ત્રોતઃ– Economic Survey 2010-11

ઉપરના કોષ્ટકમાં જોઈ શકાય છે કે વિજળી અને ટેલિકોમ જેવા માળખાકીય ક્ષેત્રમાં FDIનું પ્રમાણ વધતું જાય છે.જયારે પેટ્રોલિયમ અને કુદરતી વાયુ,માહિતી અને પ્રસારણ,હવાઈ પરિવહન,બંદરો તેમજ રેલ્વેના છૂટક ભાગોમાં FDIના પ્રમાણમાં ઘટાડો થયેલો જોઈ શકાય છે.વર્ષ ૨૦૦૭–૦૮ થી ૨૦૦૯–૧૦માં સરેરાશ રોકાણ જોઈએ તો વિજળી અને ટેલિકોમ ક્ષેત્રમાં FDIની સરેરાશ વધારે છે જયારે હવાઈ અને પરિવહન તેમજ રેલ્વેના છૂટક ભાગોમાં FDIની સરેરાશ ઓછી જોવા મળે છે.

વર્ષ ૨૦૦૭–૦૮ ની તુલનામાં વર્ષ ૨૦૦૯–૧૦ના વર્ષમાં FDIની ટકાવારી જોઈએ તો ટેલિકોમ તેમજ રેલ્વેના છૂટક ભાગોમાં ટકાવારી ફેરફાર વધારે જોવા મળે છે.જયારે પેટ્રોલિયમ અને કુદરતી વાયુ,હવાઈ અને પરિવહન તેમજ બંદરોમાં ટકાવારી નકારાત્મક અથવા તો ઘટેલી જોવા મળે છે.

## ૨. FDI નો અર્થ

"જયારે દેશમાં ઉત્પાદન પ્રવૃતિ માટે વિદેશી કંપનીઓ ધ્વારા જે મૂડીરોકાણ કરવામાં આવે ત્યારે તેને સીધુ વિદેશી રોકાણ તરીકે ઓળખવામાં આવે છે."

જયારે વિદેશીની માલિકીના ઉધોગો કરારબધ્ધ રીતે આપણા અર્થતંત્રમાં ચીજવસ્તુનું ઉત્પાદન કરવા માટે તેમના અર્થતંત્રનું સીધું મૂડીરોકાણ નાણાકીય,યાંત્રીક કે ટેકનોલોજી અથવા સંયુકત ધોરણે પ્રયોજીને ઉત્પાદનની કામગીરી બજાવે તેને FDI કહી શકાય. સીધું વિદેશી મૂડીરોકાણ (FDI) એ અર્થતંત્રના વિકાસમાં મહત્વની હકારાત્મક અસરમાં જોઈએ તો તેના ધ્વારા અર્થતંત્રના વિકાસનો દર ઉચો લાવી શકાય છે અને બીજું મહત્વનું પાસું એ છે કે FDI નું ઓછામાં ઓછુ ૫૦% જેટલું મૂડીરોકાણ ગ્રામીણ વિસ્તારમાં કરવાનુ હોવાથી ગ્રામીણ ખેડૂતોની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થશે,જે ગામડાઓને પણ વિકાસ તરફ દોરી જશે.

## ૩. FDI થી ગ્રામીણ ખેડૂતોને થતા લાભ

FDI થી ગ્રામીણ ખેડૂતોને જે લાભ થવાના છે તે નીચે મુજબ છે.

૧. ગ્રામીણ ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનનું વધુ વળતર પ્રાપ્ત થશે.
૨. ખેડૂતો અને વિતરકો વચ્ચેથી મધ્યસ્થીઓ દૂર થશે.જેથી ખેડૂતનું ઉત્પાદન સીધું વિતરકોના હાથમાં જશે.જેનાથી ઉત્પાદનનો દૂર વ્યય થતો અટકશે.
૩. કુલ FDI ના ઓછામાં ઓછા ૫૦% જેટલું મૂડીરોકાણ ગ્રામીણક્ષેત્રે કરવાનું હોય છે.કૃષિક્ષેત્ર ગ્રામડાઓ માટે મહત્વનું ક્ષેત્ર હોવાથી મૂડીરોકાણ વધવાથી તેનો લાભ ગ્રામીણ ખેડૂતોને મળશે.
૪. ગ્રામીણ ભારતની સુધરેલી ખેત પધ્ધતી અને કોલ્ડ ચેઈન દ્વારા ઉન્નતી થશે.
૫. ખેત ઉત્પાદન સીધું જ વિતરકો સુધી પહોંચવાથી ઉત્પાદનની ગુણવતા જળવાઈ રહેશે અને ખેત ઉત્પાદનના ભાવમાં સ્થિરતા આવશે અને ખેત પેદાશોનું વેચાણ વધવાથી ખેત ઉત્પાદનમાં પણ વધારો થશે.પરીણામે કૃષિક્ષત્રનો પણ વિકાસ થશે.

આમ FDIનું ગ્રામીણક્ષેત્રે મૂડીરોકાણ થશે જે ખેડૂત સમાજ માટે હિતમાં રહેશે.ખેત ઉત્પાદન સીધું જ ગ્રાહકવર્ગના હાથમાં જશે તેથી તેની ગુણવતાના સ્તર સતત સુધરશે.ખેત ઉત્પાદનનો દૂર વ્યય પણ થતો મહદઅંશે અટકશે.ખેડૂતને તેમની ઉપજના સારા ભાવ મળવાથી તેમના જીવન ધોરણમાં પણ સમૃધ્ધિ આવશે.આ તમામ બાબતમાં ખેડૂતો માટે FDIની હકારાત્મક અસર વર્તાય છે.અલબત FDIથી ખેડૂતોનું શોષણ થવાનો ભય પણ સેવવામાં આવે છે. વિદેશી સીધા ગ્રામીણક્ષેત્રે રોકાણથી લાંબાગાળે વિદેશી લોકો ખેડૂતોની આવકનું મુખ્ય સાધન જમીન છીનવી લેવાના પ્રયત્ન થશે તો તેનાથી ખેડૂતોને તેમની જમીનથી હાથ ધોવા પડશે જે સૌથી મોટી નકારાત્મક પાસુ જોવા મળે છે.પરંતુ અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં વિદેશી હરિફાઈમાં અર્થતંત્રને ટકાવી રાખવા માટે,વૈશ્વિક મંદીમાં ઉછળતાં મોજાની સામે રક્ષણ માટે, કૃષિનું વાણિજયકરણના પંથને આગળ ધપાવવા માટે હાલમાં વિદેશી સીધું રોકાણ ગ્રામીણ ભારતનાં વિકાસ માટે ચમાત્કારીક સાધન ગણી શકાય. તેઓ પોતાના ખેતરો અને ખેત–ઉત્પાદન ગુમાવશે એ તેનું નકારાત્મક પાસું છે.તેમ છતાં FDI દ્વારા ખેડૂતને તેના ઉત્પાદનનું સારૂ વળતર મળવાથી તેમનું જીવનધોરણનું સ્તર ઊંચું જશે એ બાબત ખેડૂતના સંદર્ભમાં સૌથી અગત્યની છે.

## સંદર્ભસૂચિ

૧. સોલંકી, જૈમિન (૨૦૧૩). ભારત અને એફડીઆઈ અર્થસંકલન સામાયિક અંક.૫૨૫
૨. પરમાર, ભાનુબેન (૨૦૧૩). ભારતમાં સીધુ વિદેશી મૂડીરોકાણ અર્થસંકલન સામાયિક અંક.૫૨૭
૩. ત્રિવેદી, બિપિનચંદ્ર (૨૦૧૩). ભારતમાં એફડીઆઈ અર્થસંકલન સામાયિક અંક.૫૨૭
૪. ગુજરાત સમાચાર દૈનિક
૫. સંદેશ દૈનિક